મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

૨૩-૧૧-૨૦૨૫
રવિવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૨૧૯
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

ગરવી તાકાત
હવે આંગણીના ટેરવે
તમારા ગામ કે શહેરના
સમાચાર વાંચો વેબ પોર્ટલ
ઉપર આંગણીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને
તમારા ગામના કે શહેરના
લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર
તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com • • RNI No. GUJGUJ/2015/61367

### BLOની ઓનલાઈન કામગીરીમાં સર્વર સહિતના ધાંધીયા : કોમ્પ્યુટર જાણકારને આઉટસોર્સથી કામ સોંપવા માંગણી

# મતદાર યાદીની SIR કામગીરી સામે શાળા કર્મચારી સંઘ મેદાને

**તંત્રના માનસિક ત્રાસથી રાજયમાં ત્રણ શિક્ષકોના મોત થતા ઘેરા પ્રત્યાઘાતોઃ મરનારના પરિવારજનોને રૂા.૧-૧ કરોડની સહાયની માંગ**

**રાજય કર્મચારી સંકલન સમિતિ દ્વારા મુખ્ય ચૂંટણી કમિશનર તેમજ રાજય સરકારને આવેદનઃ સમય મર્યાદા પણ વધારવા અને શિક્ષકોને અપાયેલ નોટીસ પરત ખેંચવા માંગણી**

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૨

રાજયમાં હાલ ચાલી રહેલી મતદાર યાદી સુધારણા કાર્યક્રમ (એસઆઈઆર)ની કામગીરીમાં બીએલઓને કામગીરી પૂરી કરવા કરાતા દબાણ અને અપાતા માનસીક ત્રાસના પગલે અત્યાર સુધીમાં કોડીનાર ઉપરાંત સાબરકાંઠા અને ખેડાના ત્રણ શિક્ષકોએ જીવ ગુમાવતા તેના રાજયભરમાં ઘેરા પ્રત્યાઘાતો પડયા છે.

ત્રણ શિક્ષાકોના મોતની આ ઘટનાના ગુજરાત રાજય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા કર્મચારી સંઘ સંકલન સમિતિએ દુઃખદ ગણાવી આ મામલે રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને આવેદનપત્ર પાઠવી પગલા લેવા રજૂઆત કરી છે.

ગુજરાત રાજય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા કર્મચારી સંઘ સંકલન સમિતિના પ્રમુખ કિરીટસિંહ મહિડા, મીતેશકુમાર મોદી, ભરતકુમાર પટેલ અને ભાનુપ્રસાદ પટેલે આ અંગે જણાવ્યું છે કે સમગ્ર રાજયમાં એસઆઈઆરની ઓનલાઈન કામગીરી ઝડપતી કરવા ગ્રાન્ટેડ શાળાના શૈક્ષણિક અને બીન શૈક્ષણિક કર્મચારીઓને સમય જોયા વગર મોડી રાત્રી સુધી બેસાડી રાખવામાં આવે છે જેમાં શિક્ષીકા બહેનોને પારિવારીક જવાબદારી હોય છે તેમ છતા તેઓને આ કામગીરી માટે ધમકાવવામાં



આવી રહી છે.મતદાર ફોર્મ ઉપર બીએલઓના મોબાઈલ નંબર છાપવામાં આવેલ હોવાથી મોડી રાત્રે પણ કેટલાક નાગરિકો શિક્ષીકાઓને ફોન કરી અભદ્ર ભાષા પ્રયોગ કરી પરેશાન કરતા હોવાની ઘટના પણ બનેલ છે.

રાજયમાં એક સાથે મતદાર યાદી સુધારણાની કામગીરી ચાલતી હોય સર્વર ધીમુ ચાલી રહ્યું છે. જેમાં વારંવાર બીએલઓની મીટીંગો બોલાવી તેઓનો સમય બગાડવામાં આવે છે. અન્ય કર્મચારીઓને પણ પુરો સહકાર મળતો નથી. બીએલઓ ઉપર દરેક અધિકારીઓ દ્વારા માત્ર પ્રેસર અપાય છે એ યોગ્ય નથી.

આ સંજોગોમાં હાલ મતદાર યાદી સુધારણાની કામગીરી જે એક જ લોગીંગથી થાય છે તેના બદલે પહેલાની જેમ બીજા બેથી ત્રણ લોગીગનો એક્ષેસ આપવામાં આવે, કર્મચારીઓને સાંજે મોડે સુધી બેસાડી રાખવામાં ન આવે, ઓનલાઈન કામગીરી અન્ય કર્મચારી કે જેઓ કોમ્પ્યુટર અને ટેકનોલોજીનો સારી રીતે ઉપયોગ કરી શકતા હોય તેવા અથવા આઉટ સોર્સીંગ યુવાનો પાસે કરાવવામાં આવે તેવી માંગણી ઉઠાવી છે.આ ઉપરાંત મતદાર યાદી સુધારણાની કામગીરી દરમ્યાન જે ત્રણ શિક્ષકોના મૃત્યુ થયા છે તેઓના પરિવારજનોને રૂા.૧-૧ કરોડની સહાય આપવા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા કર્મચારી સંઘ સંકલન સમિતિએ માંગણી ઉઠાવી વધુમાં એવું પણ આ રજૂઆતમાં જણાવ્યું છે કે એસઆઈઆરની કામગીરીમાં સમય મર્યાદામાં વધારો કરવામાં આવે, સર્વરને અપડેટ કરવામાં આવે, તેમજ શિક્ષકો સાથે શિક્ષકની ગરીમા જળવાઈ એ રીતે વહેવાર કરવા માટે સૂચના આપવામાં આવે, એસઆઈઆરની કામગીરી માટે ઈન્સ્ટુમેન્ટ અને ડેટા રીચાર્જ કરી આપવામાં આવે તેમજ જે શિક્ષકોને નોટીસ ફટકારવામાં આવી છે.તે નોટીસોને પાછી ખેંચવા આ સંકલન સમિતિના હોદેદારોએ અલ્ટીમેટમ આપી જણાવ્યું છે કે જો તેઓની આ માંગણીનો સ્વીકારવામાં નહીં આવે તો એસઆઈઆરની કામગીરીનો બહિષ્કાર કરવામાં આવશે.

---

### નવસારી સર્કલ અને અંજાર સર્કલની વચ્ચે ફાઇનલ મેચ રમાઈ હતી

## મહેસાણા ખાતે રમાયેલ જેટકોની ૧૮મી ઇન્ટર સર્કલ ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઇનલમાં નવસારી સર્કલ ટીમની શાનદાર જીત

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૨

ગુજરાત સરકારનું સાહસ જીઈબી તેમજ હાલમાં વીજ વિતરણ કરતી કંપની ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ (જેટકો)ની ૧૮મી ઈન્ટર સર્કલ ક્રિકેટ ટુર્નામેન્ટ ગત ૧૭ નવેમ્બર થી મેવડ, બાલીસણા અને મહેસાણા ગ્રાઉન્ડ ખાતે રમાઈ રહેલ હતી. તેમાં ૨૧મી નવેમ્બરે મહેસાણા નગરપાલિકાના સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે નવસારી સર્કલ અને અંજાર સર્કલની વચ્ચે ફાઇનલ મેચ રમાઈ હતી. જેમાં નવસારી સર્કલ ટીમની ભારે રસાકસી બાદ શાનદાર જીત થઈ હતી.




**મહેસાણા સર્કલ ઓફિસે ઇન્ટર સર્કલના ઇવેન્ટ વ્યવસ્થા માટે એક નવો બેન્ચમાર્ક સ્થાપિત કર્યો છે**

આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ગુજરાતભર માંથી ૧૫ જેટલી ટીમોએ ભાગ લીધો હતો. તેમાંથી ફાઇનલમાં નવસારી સર્કલ અને અંજાર સર્કલ ની ટીમ વચ્ચે ફાઇનલ મેચ રમાઈ હતી. અંજાર સર્કલની ટીમ રનર્સ અપ થઈ હતી. રનર્સ અપ અંજારની ટીમને મહેસાણાના અધિક્ષક ઇજનેર શ્રી કે એ મોદીના હસ્તે રનર્સ અપ ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. જ્યારે નવસારી સર્કલની ચેમ્પિયન ટીમને જેટકોના એચ.આર.ના જનરલ મેનેજર શ્રી અજય જે ત્રિવેદીના હસ્તે ચેમ્પિયન ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

આ ટુર્નામેન્ટમાં જેટકોની કોર્પોરેટ ઓફિસ વડોદરા થી જનરલ મેનેજર, એચ.આર શ્રી અજય જે ત્રિવેદી, વિશેષ જનરલ મેનેજર એચ.આર શ્રી પી એમ રાઠવા, નાયબ જનરલ મેનેજરશ્રી વિમલ સિંઘાડીયા અને શ્રી મનીષ બારોટ તેમજ નવસારીથી શ્રી કે યુ પટેલ અને મહેસાણા સર્કલ ઓફિસના અધિક્ષક કિજનેર શ્રી કે એ મોદી સહિત અધિકારી અને કર્મચારીશ્રીઓએ પૂરી ફાઇનલ મેચ દરમિયાન હાજર રહીને ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

આ ખાસ પ્રસંગે જેટકો કોર્પોરેટ ઓફિસના જનરલ મેનેજર શ્રી અજય જે ત્રિવેદી તેમજ વિશેષ જનરલ મેનેજર શ્રી પી એમ રાઠવાએ ખેલાડીઓના ખેલદિલી પૂર્વકના ઉત્કૃષ્ટ પ્રદર્શનને બિરદાવ્યા હતા. તેમજ જણાવ્યું હતું કે જેટકો કંપનીની સોશિયલ એક્ટિવિટીઝના ભાગરૂપે વિવિધ રમતોનું આયોજન જેટકો દ્વારા કરવામાં આવતું હોય છે. જેની પાછળ કંપનીનો હેતુ કર્મચારીની ફિટનેસ, ખેલદિલી અને ટીમવર્કની ભાવના કેળવાય તે રહેલો છે. કર્મચારીઓમાં રમત પ્રત્યે રુચી ઊભી થાય અને સરકારના ×રમશે ગુજરાત જીતશે ગુજરાત×ને ચરિતાર્થ કરવાનો પણ રહેલો છે. વિવિધ રમતોમાંથી કર્મચારીઓએ એમના રોજિંદા જીવનમાં તેમજ ઓફિસ કામમાં તેનો ઉપયોગ કરે અને ટીમવર્ક દ્વારા કાર્યક્ષમતા વધે અને કંપનીની ઉત્તરો ઉત્તર પ્રગતિમાં મદદરૂપ થાય તેમજ કંપનીનો ગોલ હાંસલ થાય અને સમાજને તેમજ પ્રજાને ગુણવત્તા સભર વીજળી મળી રહે તેવી નિષ્ઠાપૂર્વક અને પ્રામાણિકતાથી સેવા પૂરી પાડી શકે તેવા હેતુથી આ આયોજન કરવામાં આવ્યું હતું.

મહેસાણા સર્કલ ઓફિસના યજમાન પદે આ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ હતું. મહેસાણા સર્કલ ઓફિસે ઈન્ટર સર્કલના ઈવેન્ટ વ્યવસ્થા માટે એક નવો બેન્ચમાર્ક સ્થાપિત કર્યો છે. જેના માટે મહેસાણા સર્કલની સ્પોર્ટ્સ કમિટીના દરેક સભ્યએ નિષ્ઠાપૂર્વક અને પ્રામાણિકપણે નિભાવેલ પોતાની જવાબદારી પૂર્વકની કામગીરી રહેલ છે. જેમના માટે મહેસાણા સર્કલના અધિક્ષક ઈજનેર કે એ મોદી, સહાયક સચિવ કમલેશ સિંધવ તેમજ મહેસાણા ઝોનલ ઓફિસના સુજલ જોશી એ સ્પોર્ટ્સ કમિટીના તમામ સભ્યોને અભિનંદન આપીને આભાર વ્યક્ત કર્યો હતો. આ આખી ટુર્નામેન્ટ દરમિયાન ગ્રાઉન્ડ મેનેજમેન્ટ કમિટી બાલીસણા, મહેસાણા અને મેવડના કાર્યપાલક ઈજનેરશ્રીઓ વી બી ગજ્જર, બી જે પટેલ, કે એસ ચૌધરી અને નાયબ ઈજનેરશ્રીઓ એમ જી પટેલ, આર બી પટેલ તેમજ નાયબ અધિક્ષકશ્રીઓ હરેશ મકવાણા, મિતેશ નાયક અને અંકિત પટેલ સહિત તમામ કમિટી મેમ્બરની કામગીરી આ ક્રિકેટ ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે સરાહનીય રહી હતી.

---

### ઇન્જેક્શન કોણે આપ્યું અને તે ઇન્જેક્શન શેનું હતું, તે જાણવા માટે પોલીસે ઊંડી તપાસ શરૂ કરી

## વિજાપુરમાં શાળાની છોકરીને અજાણ્યા શખ્સે ઇન્જેક્શન આપ્યું : વાલીઓમાં ચિંતા ફેલાતાં પોલીસ વિભાગ સક્રિય

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૨

મહેસાણા જિલ્લાના વિજાપુરમાં એક ચોંકાવનારી ઘટના સામે આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે, જ્યાં શાળામાં ભણતી એક માસૂમ બાળકીને અજાણ્યા શખ્સે ઈન્જેક્શન આપ્યું હોવાની વિગતો મળી છે. વિજાપુરની સ્કૂલમાં બીજા ધોરણમાં ભણતી ૮ વર્ષની બાળકી સાથે આ ગંભીર ઘટના બનતા દરેક વાલીઓમાં ચિંતા પેઠી છે.

આ ઘટનામાં મળતી માહિતી પ્રમાણે, મહેસાણા જિલ્લાના વિજાપુરમાં આવેલી એક સ્કૂલની બાળકીએ પોતાની માતાને જણાવ્યું કે, એક અજાણ્યો શખ્સ તેને શાળાની




પાછળના ભાગે લઈ ગયો હતો. આ શખ્સે બાળકીના ખભે હાથ મૂકીને તેના હાથની કોણીથી ઉપરના ભાગે ઈન્જેક્શન આપ્યું હતું. આ ઘટનાની જાણ થતાં જ વાલીઓ અને સ્થાનિકોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

ઘટના બાદ બાળકીને તાત્કાલિક વડનગર સિવિલ હોસ્પિટલમાં મેડિકલ સારવાર માટે લઈ જવામાં આવી હતી. બાળકીનું મેડિકલ ચેકઅપ પણ કરવામાં આવ્યું છે. રાહતની વાત એ છે કે, હાલમાં બાળકી સ્વસ્થ હોવાનું તબીબોએ જણાવ્યું છે.

આ ઈન્જેક્શન કોણે આપ્યું અને તે ઈન્જેક્શન શેનું હતું, તે જાણવા માટે પોલીસે ઊંડી તપાસ શરૂ કરી છે. વિજાપુર પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી છે અને શાળા તેમજ આસપાસના વિસ્તારના CCTV ફૂટેજ તપાસી રહી છે. આ મામલે અજાણ્યા ઈસમો વિરુદ્ધ વિજાપુર પોલીસ મથકે ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

પોલીસે અજાણ્યા શખ્સ વિરુદ્ધ POCSO એક્ટ હેઠળ ગુનો પણ દાખલ કર્યો છે.

વિજાપુર પોલીસ આ ગંભીર ઘટનાના મૂળ સુધી પહોંચવા અને આરોપીને ઝડપી પાડવા માટે સઘન પ્રયાસો કરી રહી છે. આ ઘટનાએ બાળકની સુરક્ષા અને શાળાની આસપાસના વાતાવરણ પર ગંભીર સવાલો ઊભા કર્યા છે.

---

### ધારાસભ્ય ઋષિકેશ પટેલના આદેશો છતાં સમસ્યા યથાવત, વૈકલ્પિક માર્ગો પર અવરજવર, નાગરિકોની માંગ : કાયમી પોલીસ તૈનાતી

## વિસનગરમાં ઓવરબ્રિજ કામગીરીથી ટ્રાફિકનો ભયંકર જામ : શુકન હોટલ સામે ચાર રસ્તા બ્લોક, વાહનોની કતારો, પોલીસ ચોકીની નજીક હોવા છતાં નિષ્ક્રિયતા

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૨

વિસનગર શહેરમાં આઈ.ટી.આઈ. ઓવરબ્રિજની કામગીરીને કારણે ટ્રાફિકની સમસ્યા વધી ગઈ છે, જેના કારણે અમદાવાદ-અંબાજી હાઈવે પર મુખ્ય માર્ગો પર વારંવાર જામ થાય છે. શનિવારે બપોરે શુકન હોટલ સામેના ચાર રસ્તા પર ભારે જામ થયો, જ્યાં ચારેય દિશામાંથી વાહનો આવતાં ચોકડી સંપૂર્ણપણે બ્લોક થઈ ગઈ. વાહનોની લાંબી કતારો લાગી, અને અવરજવર ખોરવાઈ ગઈ, જેના કારણે વાહનચાલકો ઘન્ટાઓ સુધી ફસાયા.

આ ચોકડીની નજીક જ કાંસા ચોકડી પોલીસ ચોકી આવેલી હોવા





છતાં પોલીસે તાત્કાલિક કાર્યવાહી નહોતી કરી, જેના કારણે નાગરિકોમાં પોલીસની નિષ્ક્રિયતા પર રોષ વ્યક્ત થયો. ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલએ તાજેતરમાં ટ્રાફિક સમીક્ષા બેઠકમાં પોલીસને કડક કાર્યવાહીના આદેશો આપ્યા હતા, પરંતુ સમસ્યા યથાવત છે. ઓવરબ્રિજ કામગીરીથી વૈકલ્પિક માર્ગો પર ટ્રાફિકનું ભારણ વધ્યું છે, જે શહેરીઓ માટે પડકારરૂપ બન્યું છે. નાગરિકોની માંગ છે કે, જામવાળા સ્થળો પર કાયમી પોલીસ જવાનો તૈનાત કરવામાં આવે અને ડાયવર્ઝન પ્લાનિંગમાં ગંભીરતા દાખવાય. નગરપાલિકા અને પોલીસ વિભાગને વહેલી કાર્યવાહીની આશા વ્યક્ત કરી છે, જેથી કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી નાગરિકોને હાલાકી ન ભોગવવી પડે.




## માઓવાદીઓએ ભાગી ન જવું જોઈએ, અને નાબૂદીનો ધ્યેય સરળતાથી પ્રાપ્ત થવો જોઈએ

કુખ્યાત માઓવાદી નેતા હિડમા અને તેના ઘણા સાથીઓની હત્યા પછીના દિવસે ઘણા વધુ માઓવાદીઓની હત્યાથી માઓવાદ તેના અંતિમ તબક્કામાં હોય તેવું લાગે છે. હવે આશાઓ વધી ગઈ છે કે આવતા વર્ષે માર્ચ સુધીમાં માઓવાદને નાબૂદ કરવાનો ધ્યેય સરળતાથી પૂર્ણ થઈ જશે. આવું એટલા માટે થઈ રહ્યું હોય તેવું લાગે છે કારણ કે ફક્ત ત્રણ કે ચાર માઓવાદી નેતાઓ જ તેમના પરાજિત સાથીઓનું નેતૃત્વ કરવા સક્ષમ રહે છે. જો તેઓ શરણાગતિ સ્વીકારે નહીં, તો તેમને ખતમ કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી.

બાકીના માઓવાદીઓને મુખ્ય પ્રવાહમાં જોડાવા માટે કહેવામાં આવવું જોઈએ, પરંતુ તેમની સામે ચાલી રહેલા અભિયાનને હળવા થવા દેવી જોઈએ નહીં, જેમ ભૂતકાળમાં તેઓ નિષ્ક્રિય રહ્યા છે, પોતાને પુનર્ગઠિત કરી રહ્યા છે અને પોતાને મજબૂત બનાવી રહ્યા છે. આ વખતે તેમને કોઈ તક આપવી જોઈએ નહીં. ખાસ કરીને કારણ કે તેમની શરણાગતિ સ્વીકારવાની શરતો અત્યંત ઉદાર છે. જે માઓવાદીઓ આ ઉદાર શરતોનો લાભ લેવા તૈયાર નથી તેઓ સંદેશ મોકલવામાં અચકાવું જોઈએ નહીં કે તેમનું અસ્તિત્વ અશક્ય છે. જે માઓવાદીઓ મુખ્ય પ્રવાહમાં જોડાવાનો અને તેમની લડાઈ ચાલુ રાખવાનો ઈનકાર કરે છે તેઓ કોઈ પણ પ્રકારની છૂટછાટને પાત્ર નથી.

સશસ્ત્ર માઓવાદીઓ સામે દબાણ વધારવું જેટલું મહત્વપૂર્ણ છે, તેટલું જ મહત્વપૂર્ણ છે કે તેમના છુપાયેલા સમર્થકો પર ફાંસો કડક કરવો જે તેમને વૈચારિક પોષણ પૂરું પાડે છે. માઓવાદ એક ઝેરી વિચારધારા છે જે સભ્યતા વિરોધી સમાજ છે. આ ખતરનાક વિચારધારાને ભારતમાં કોઈ સ્થાન નથી. તે નકલી માનવાધિકાર કાર્યકરો પર નજર રાખવાનો સમય આવી ગયો છે જે માઓવાદીઓને ગરીબો માટે લડવૈયા તરીકે રજૂ કરે છે. કેટલાક તો ભયાનક માઓવાદીઓને બંદૂકધારી ગાંધીવાદી કહેવા સુધી પહોંચી ગયા છે. હકીકત એ છે કે ડાબેરી પક્ષો માઓવાદીઓ વિરુદ્ધ ચાલી રહેલા અભિયાનથી ખુશ નથી. આ પક્ષો આ અભિયાનને કઠોર કહે છે, પરંતુ માઓવાદી ક્રૂરતા સામે ક્યારેય બોલતા નથી. તેઓ એ પણ જોવામાં નિષ્ફળ જાય છે કે માઓવાદીઓ વિકાસના દુશ્મન બની ગયા છે અને તે આદિવાસી લોકોને સૌથી વધુ નુકસાન પહોંચાડી રહ્યા છે જેમના શુભેચ્છકો તેઓ ખોટા દાવો કરે છે. માઓવાદ એક સમયે નક્સલવાદના રૂપમાં અસ્તિત્વમાં હતો.

બંગાળમાં તેમની કમર તૂટી ગયા પછી, નક્સલીઓએ આંધ્રપ્રદેશમાં માઓવાદીઓનો વેશ ધારણ કર્યો. હવે, તેમને અન્ય કોઈ વેશ અપનાવતા અટકાવવા માટે, તેમનો વૈચારિક સ્તરે પણ સામનો કરવો પડશે. પછાત અને ખાસ કરીને આદિવાસી વિસ્તારોમાં વિકાસ કાર્યો સમયસર પૂર્ણ કરવા પર ભાર મૂકવો પણ જરૂરી છે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**


### દ્વારકા પ્રવાસન ક્ષેત્ર સાથે ઉદ્યોગગૃહ માટે આતુરતાનો અંત આવશે

## દ્વારકામાં ૮૦૦ એકર જમીન ઉપર બનશે આંતરરાષ્ટ્રીય એરપોર્ટ : સુચિત લેઆઉટ પણ નવો નકશો તૈયાર

જામ ખંભાળિયા, તા.૨૨

છેલ્લાં આશરે પાંચેક વર્ષથી દ્વારકા તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં ઈન્ટરનેશનલ કક્ષાનું એરપોર્ટ બનાવવાની રાજ્ય સરકાર દ્વારા ચાલતી મોજણીની કામગીરીનો અંત આવી રહ્યાના અહેવાલો મળી રહયા છે. દ્વારકાના પ્રવાસન ક્ષેત્રને બુસ્ટ આપવા અને ઔદ્યોગિક તેમજ પશ્ચિમ કાંઠાના સરહદી વિસ્તારને ધ્યાનમાં રાખીને આંતરરાષ્ટ્રીય કક્ષાનું એરપોર્ટ બનાવવાનું લક્ષ્ય ગુજરાત અને કેન્દ્ર સરકારે બનાવ્યું છે.

ત્યારે અગાઉ દ્વારકા તાલુકાના ધ્રેવાડ તેમજ મોજપ સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં જમીનોના સર્વે થયા હતા. પરંતુ ભૌગોલિક સહિત અનેક વિષમતાઓને કારણે આ સરવે પર બ્રેક લાગી ગઈ હતી. બાદમાં છેલ્લા એકાદ વર્ષથી એરપોર્ટ માટે વિવિધ પાસાઓ તપાસીને સરકાર દ્વારા તાલુકાના ગઢેચી, કલ્યાણપુર, મેવાસા અને વસઈ એમ ચાર ગામોને જોડીને અંદાજિત ૮૦૦ એકર જમીન ઉપર



આંતરરાષ્ટ્રીય કક્ષાનું વિવિધ સુવિધાભરનું એરપોર્ટ બનાવવા માટેની જગ્યા સુનિશ્ચિત કરાઈ હોવાનું જાણવા મળે છે.

ઉપરોકત સરવેની કામગીરી હાથ ધરવા અંગે મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ કચેરી દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલી માહિતી મુજબ ખેતીની જમીનના સર્વે નંબરોની સ્થળ ખરાઈ અને માપણી શીટ સહિતની સંપાદનની કામગીરી કરવા સબબની જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે દ્વારકા શિવરાજપુર બીચ, બેટ દ્વારકા અને નાગેશ્વર જયોતિર્લિંગ જેવા ધાર્મિક અને પ્રવાસન સ્થળને વિકસાવવા માટે છેલ્લા પાંચેક વર્ષથી રાજ્ય અને કેન્દ્ર સરકાર સતત કટિબધ્ધ બની છે અને છેલ્લા બે વર્ષથી ઉપરોકત ધાર્મિક અને પ્રવાસન સ્થળોને કોરીડોરના માધ્યમથી જોડીને સમગ્ર સ્થળોનો પાયાથી સાધન સુવિધાભર વિકાસ થાય અને દ્વારકા ક્ષેત્રના લોકોને રોજગારીની તકો ઉભી થાય તેમજ દ્વારકા પ્રવાસન તથા તીર્થ ધામ સમગ્ર વિશ્વમાં પ્રવાસન ક્ષેત્રે અપ્રતિમ વિકાસ સાધે તેવી નેમ સાથે પ્રયાસો હાથ ધરાઈ રહયા છે.

ત્યારે દ્વારકાની આંતરરાષ્ટ્રીય કક્ષાના એરપોર્ટની દિશા તરફ થતી કામગીરીથી દ્વારકા ક્ષેત્રમાં પણ ઉત્સાહ સાથે આનંદની લાગણી પ્રસરી છે. અત્રે એ પણ નોંધનીય છે કે દ્વારકા વિસ્તારમાં મીઠા ઉદ્યોગનો ટાટા કેમિકલ્સ કંપની, આરએસપીએલ કંપની અને માછીમારી ઉદ્યોગ સાથે ઓખા પોર્ટ પણ આર્થિક ક્ષેત્રે ઉદ્યોગનું એક મહત્વનું માધ્યમ છે. ત્યારે કોરોનાના સમય બાદ ધાર્મિક ક્ષેત્રે પણ ભગવાન દ્વારકાધીશ પ્રત્યે દેશ-વિદેશમાં ભક્તોની આસ્થા વધી હોય, જેથી પણ પ્રવાસન ઉદ્યોગ વેગવંતો બન્યો છે.આ ઉપરાંત દ્વારકાનો સમુદ્ર કિનારો ભારત પાકિસ્તાનની સીમાઓ પર આવેલો હોય, જેથી સરહદી વિસ્તારને લઈને પણ નવનિર્માણથી થનાર એરપોર્ટની સુવિધા એ રીતે પણ ઉપયોગી બની રહેશે તેવું ચિત્ર જોવા મળી રહ્યું છે.

### મૂળ કાલાવાડના વતની મહિલા તબીબે મંગેતર સાથેના અણબનાવથી અંતિમ પગલુ ભર્યાની શંકા

## સુરતમાં ૯માં માળેથી છલાંગ લગાવીને મહિલા ડોક્ટરનો આપઘાતઃ બે માસ પછી લગ્ન હતા

સુરત તા.૨૨

સુરતના સરથાણામાં એક શોપિંગ કોમ્પ્લેક્સના ૯મા માળે આવેલા ચાય પાર્ટનર કાફેમાંથી ફિઝિયોથેરાપી ડોક્ટરે નીચે કૂદી આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ હતી. આ ડોક્ટરના આપઘાતને લઈ સ્થાનિક પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે.

મૂળ જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના મોટી ભેગડી ગામની વતની અને હાલ સુરતના સરથાણાના શ્યામધામ મંદિર પાસે આવેલી વિશ્વા રેસિડેન્સિમાં ૨૮ વર્ષીય રાધિકા જમનભાઈ કોટડીયા પરિવાર સાથે રહેતી હતી. મૃતકના પરિવારમાં માતા-પિતા અને એક ભાઈ છે. મૃતકના પિતા હીરાના કારખાનામાં રત્નકલાકાર તરીકે નોકરી કરે છે. જ્યારે રાધિકા સરથાણા જકાતનાકા વિકાસ શોપર્સમાં પહેલા માળે પોતાનું શ્રીજી ફિઝિયો ક્લિનિક ચલાવતી હતી.આ ચાય પાર્ટનર કાફેમાં મંગેતર સાથે અવારનવાર



જતી હતી.રાધિકાની છ મહિના પહેલાં જ એક યુવક સાથે સગાઈ થઈ હતી અને આગામી ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ તેના લગ્ન થવાના હતા. દરરોજ સવાર-સાંજ રાધિકા પોતાના મંગેતરની સાથે વાતો પણ કરતી હતી. રાધિકા ૨૧ નવેમ્બરની સવારે ડેઈલી રૂટિન પ્રમાણે ક્લિનિક પર ગઈ હતી. ત્યાર બાદ બપોરે જમવા માટે ઘરે આવી પરત ક્લિનિક જતી રહી હતી. જોકે, સાંજના સમયે ઓફિસ સ્ટાફને રાધિકાએ કહ્યું હતું કે, હું યોગી ચોક જાવ છું કહી નીકળી ગઈ હતી.સાંજે ૭:૧૫ વાગ્યાના અરસામાં રાધિકા સરથાણા જકાતનાકા પાસે સરથાણા બિઝનેસ હબમાં ૯મા માળે આવેલા ચાય પાર્ટનર કાફેમાં ગઈ હતી. ત્યાં અન્ય કપલો પણ હાજર હતા અને બધા હળવાશની પળો માણી રહ્યા હતા. આ દરમિયાન રાધિકા અચાનક ખુરશી પરથી ઊભી થઈ અને પાળી ઉપર ચઢીને સીધું નીચે ઝંપલાવી દીધું હતું. જોરથી કંઈક પટકાયાનો અવાજ આવતા આસપાસના લોકો તેમજ કાફેના લોકો દોડી ગયા હતા.

રાધિકાને માથાના ભાગે તેમજ શરીરના અન્ય ભાગો પર ગંભીર ઈજા પહોંચતા તેનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. પોલીસની પ્રાથમિક તપાસમાં ડોક્ટર રાધિકાએ મંગેતર સાથેના અણ બનાવોના કારણે આપઘાતનું પગલું ભર્યું હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.

બે મહિના બાદ દીકરી રાધિકાના લગ્ન થવાના હતા તે પહેલાં જ આ પ્રકારનું અંતિમ પગલું ભરી લેતા પરિવાર આઘાતમાં સરી પડ્યો છે. આ બનાવ અંગે સરથાણા પોલીસે મૃતક રાધિકાનો મોબાઈલ ફોન કબજે લઈ તેમજ પરિવારના સભ્યોના નિવેદનના આધારે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ** આજનો દિવસ તમારા માટે સારા પરિણામનો છે. તમે પૈસા કમાવવાની ઘણી રીતો જોશો. તમારી અને ભાગીદારોની કમાણી કરવાની કોઈ બાબતે અલગ પડી શકો છે. કોઈપણ સ્પર્ધામાં વિજય મળશે.

**વૃષભઃ** આજનો દિવસ તમને ઉર્જા આપશે અને તમારામાં ઘણી શક્તિ અને ઉત્સાહ રહેશે. આજે ઘણું કામ સંભાળવાની તૈયારી છે. પરંતુ તમારા ક્ષેત્રમાં કામ તે ગતિએ ચાલશે નહીં.

**મિથુનઃ** આજે તમારા માટે ઉતાર-ચઢાવનો દિવસ રહેશે અને તમારે મહેનતથી કામ કરવાની જરૂર છે. આ સમયે તમારા વ્યવસાયમાં ઉતાર-ચઢાવને સંભાળવાની જરૂર છે.

**કર્કઃ** આજનો દિવસ તમારા માટે થોડો નિરાશાજનક બની શકે છે. તમે ઇચ્છતા ના હોવ ત્યારે પણ ઘણી વાર તમે તે તબક્કામાં ફસાઈ જાવ છો જ્યાં ખૂબ લડવું પડે છે.

**સિંહઃ** આજનો દિવસ તમારા માટે સારો છે. અચાનક કેટલાંક જટિલ કાર્ય પૂરા થશે. જો તમે જીવન યોગ્ય રીતે જીવવા માગો તો તમારા જીવનસાથી સાથે પ્રમાણિક રહેવું જોઈએ.

**કન્યાઃ** આજનો દિવસ અન્ય દિવસો કરતા થોડો સખત રહેશે અને આજે સવારથી જ કંઇક વિચિત્ર વાતાવરણ તમારી આસપાસ રહેશે. આજે કોઈપણ પ્રકારની મૂંઝવણ તમને પરેશાન કરી શકે છે. દૈનિક ઘરના કાર્યો પણ પૂર્ણ થશે.

**તુલાઃ** આજનો દિવસ તમારા ધંધા માટે હળવાશનો રહેશે. આજે શેર બજાર અથવા સટ્ટામાં રોકાણ કરશો નહીં. તમને ભારે નુકસાન થઈ શકે છે. તમે તમારા જૂના વ્યવસાયની રીત પર ઉતરશો તે વધુ સારું છે

**વૃશ્ચિકઃ** તમારા માટે આજનો દિવસ ખાસ છે. તમારી કાર્ય કરવાની રીત કંઈક નવી છે અને તમને આ રીતે લાભ મળી શકે છે. કોઈ પણ જટિલ કાર્ય સરળતાથી પૂર્ણ કરવામાં તમને સમય લાગતો નથી.

**ધનઃ** આજનો દિવસ તમારા માટે વ્યસ્ત રહેશે અને તમને કોઈ મહત્વના કામ પણ સોંપવામાં આવી શકે છે. તમારે કોઈ શંકા અને વિચારણા કર્યા વિના તમારી ફરજમાં રોકાયેલા રહેવું જોઈએ.

**મકરઃ** આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેશે અને કોઈ ભારે કામ સંબંધિત પોતાના કામમાંથી વિરામ લેવો પડી શકે છે. જો તમે ઉદ્યોગ ચલાવી રહ્યા છો તો નાના કર્મચારીઓની પ્રવૃત્તિઓ પર નજર રાખવાનું ભૂલશો નહીં.

**કુંભઃ** આ દિવસે તમે ખૂબ કંટાળો અનુભવશો અને લાંબા સમય સુધી સંઘર્ષ કર્યા બાદ હવે તમને લાગશે કે તમારે ક્યાંક બેસીને એકાંતમાં થોડો સમય પસાર કરવો જોઈએ.

**મીનઃ** આજનો દિવસ તમારા માટે વિશેષ છે અને આજે તમે દરેક ક્ષેત્રમાં પ્રભુત્વ મેળવશો અને લોકો તમારી પ્રશંસા કરશે. તમારો મિલનસાર સ્વભાવ તમને સમાજ, ઘર અને કાર્યસ્થળમાં લોકપ્રિય બનાવશે.



## ફિલ્મી ગપશપ

### ‘લાલો’ કૃષ્ણ સદા સહાયતે હવે હિંદી દર્શકોને ડોલાવશે

## ગુજરાતી ઇન્ડસ્ટ્રીને નવી ઉંચાઈ અપાવનાર ફિલ્મનું હિંદી ડબિંગ પૂર્ણ; રિલીઝ ડેટ માટે ઉત્સુકતા વધી

ગુજરાતી સિનેમા સતત નવા મુકામ હાંસલ કરી રહ્યું છે અને આ જ સફરમાં એક ફિલ્મે આખી ઈન્ડસ્ટ્રીને નવી ઊંચાઈ આપી છે, જેની આપણે વાત કરી રહ્યા છીએ, તેનું નામ ‘લાલો- શ્રીકૃષ્ણ સદા સહાયતે’ છે. ગુજરાતમાં ઐતિહાસિક સફળતા નોંધાવ્યા બાદ હવે આ ફિલ્મ હિન્દી દર્શકોને પણ પોતાનો જાદુ બતાવવા માટે તૈયાર છે. ૨૮ નવેમ્બરે રિલીઝ થનારી હિન્દી-ડબ વર્ઝને અત્યારથી જ દર્શકોમાં ઉત્સુકતા વધારી દીધી છે, કારણ કે આ તે ફિલ્મ છે જેણે માત્ર બોક્સ ઓફિસના રેકોર્ડ જ નથી તોડ્યા, પણ તેની ભાવનાત્મક ઊંડાઈ અને આધ્યાત્મિકતાથી દર્શકોના દિલને સ્પર્શી લીધું છે.

૧૦ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ ગુજરાતમાં રિલીઝ થયેલી આ ફિલ્મે શરૂઆતમાં ધીમી ગતિ પકડી હતી, પરંતુ ત્રીજા અઠવાડિયાથી દર્શકોની મૌખિક પ્રશંસા (વર્ડ ઑફ માઉથ) એ કમાલ કરી દીધો. ચોથું અઠવાડિયું આવતાં-આવતાં ફિલ્મ બ્લોકબસ્ટર બની ચૂકી હતી અને થિયેટરોમાં દર્શકોની ભીડ વધવા લાગી. ફિલ્મની લોકપ્રિયતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે આ પહેલી ગુજરાતી ફિલ્મ બની જેણે એક જ દિવસમાં ૫ કરોડ રૂપિયાથી વધુનો વ્યવસાય કર્યો. આ સિદ્ધિ ગુજરાતી સિનેમાના ઈતિહાસમાં એક સીમાચિહ્નરૂપ છે.

અત્યાર સુધી ફિલ્મે કુલ કમાણીમાં ૭૧ કરોડનો આંકડો પાર કર્યો છે, અને આશા છે કે આ ફિલ્મ ૧૦૦ કરોડના ક્લબમાં એન્ટ્રી લેશે. આ કોઈ પણ ગુજરાતી ફિલ્મ માટે એક અદ્ભુત સફળતા છે, તે પણ ત્યારે, જ્યારે તેનું બજેટ માત્ર ૫૦ લાખ રૂપિયા છે. ઓછા બજેટમાં બનેલી આ ફિલ્મને અંકિત સાકિયાએ ડિરેક્ટ કરી છે. તેમણે પોતાની મહેનત, વિઝન અને દિલને સ્પર્શી જાય તેવા નેરેટિવના કારણે તેને એક માસ્ટરપીસનો દરજ્જો અપાવ્યો.ફિલ્મની સફળતામાં કાસ્ટનું યોગદાન પણ નોંધનીય છે, જેમાં રીવા રચ્છ, શ્રુહદ ગોસ્વામી, કરણ જોશી, અંશુ જોશી અને કિન્નલ નાયકના નામનો સમાવેશ થાય છે. બધાએ પોત-પોતાના પાત્રોમાં એટલી સાદગી અને વાસ્તવિકતા લાવી કે દર્શકો તેમની સાથે જોડાતા ગયા. મેકર્સ હાલમાં ફિલ્મની ડબિંગ પર કામ કરી રહ્યા છે, જે લગભગ પૂરી થઈ ચૂકી છે. ટીમ હાલમાં સમયસર સેન્સર સર્ટિફિકેટ મેળવવા માટે કામ કરી રહી છે, અને ટૂંક સમયમાં જ સત્તાવાર રીતે રિલીઝ ડેટ પણ જાહેર કરી દેવામાં આવશે.×ઘણું મથે માનવી ત્યારે વીઘો માંડ પવાય, પણ રઘુવીર રીઝે રાજડા તો નવખંડ લીલો થાય ગુજરાતી સિનેમા અને ‘લાલો- શ્રીકૃષ્ણ સદા સહાયતે’ ફિલ્મ માટે આ વાક્ય એકદમ બંધ બેસે છે, એક એવી ફિલ્મ, જેને રિલીઝ વખતે સ્ક્રીનિંગ નહોતું મળી રહ્યું, આજે સિનેમાઘરોમાં ઢગલાબંધ સ્ક્રીનિંગ હોવા છતાં ટિકિટ નથી મળતી. માત્ર એટલું જ નહિ, જોતજોતાંમાં ગુજરાતી ઈન્ડસ્ટ્રીની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની ગઈ છે અને તમામ સ્ક્રીનિંગ અને એક દિવસીય કમાણીના રેકોર્ડ તોડી બહોળી સફળતા મેળવી લીધી છે. અત્યાર સુધી ફિલ્મે કુલ કમાણીમાં ૭૧ કરોડનો આંકડો પાર કર્યો છે, અને આશા છે કે આ ફિલ્મ ૧૦૦ કરોડના ક્લબમાં એન્ટ્રી લેશે.

### ગુંડાઓ પર દાદાનું બુલડોઝર ફરતું રહેશે : રાજકોટ જિલ્લામાં ૫૪૫૯ ટન મગફળીની ખરીદી : ડાંગર પણ સરકાર ખરીદશે-કૃષિ મંત્રી વાઘાણીએ રાજકોટની પ્રગતિ વાગોળી

## વાતો નહીં વિકાસ જ ચાલે એ બિહારમાં પણ સાબિત થયું : બોલીએ તે કરીએ એ અમારી નેમપ્લેટ-મુખ્યમંત્રી

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૨૨

રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે આજે પ્રમુખસ્વામી ઓડિટોરીયમમાં ૫૪૫.૦૭ કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમુહુર્ત કરવામાં આવ્યા હતા. આ તકે મુખ્યમંત્રીએ આજના સમયમાં જે પ્રકારના કામો થઈ રહ્યા છે તેમાં વિકાસની વાત જ કેન્દ્રમાં ગણાવી હતી. તેઓએ ખાસ જણાવ્યું હતું કે, બિહારના મગજમાં પણ આ વાત સ્થાપિત થઈ છે અને વિકાસની નીતિ પર જ રાજ કરીએ તો જ આવા પરિણામ મળી શકે તે સાબિત થયું છે.

ભુપેન્દ્રભાઈ પટેલે કહ્યું હતું કે, છેલ્લા વર્ષોમાં જે રીતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વિકાસ સાથે વિશ્ર્વાસની યાત્ર શરૂ કરી છે તે જોતા હવે વાતો ન ચાલે અને કામો જ ચાલે તે સાબિત થયું છે. જે કામોના ખાતમુહૂર્ત કર્યે તેના લોકાર્પણ કરતા આવ્યા છીએ. રાજકોટે ટ્રેન અને ટેક્રનો પાણીનો યુગ જોયો છે અને આજે સૌની યોજનાથી પાણીનો પ્રશ્ન દુર થયો છે. આજે પણ સૌથી વધુ કામો પાણી પુરવઠાના થઈ રહ્યા છે.

તેમણે જીતુભાઈ વાઘાણીએ કરેલા ઉલ્લેખ પરથી કહ્યું હતું કે અગાઉ ૫૦ હજારના વિકાસ કામોના ઉદઘાટન અને લોકાર્પણમાં ઢોલ-નગારા વાગતા હતા. હવે ૫૦૦ કરોડના કામો પણ પેટનું પાણી હલવા દેતા નથી. કારણ કે લોકોની અપેક્ષાઓ પૂરી થતી જાય છે. વોર્ડ કક્ષાએ જ કરોડના કામ થઈ જતા હોય છે. ગુણવતાસભર કામ સાથેનો વિકાસનો સંકલ્પ આગળ વધી રહ્યો છે. આ કાર્યક્રમમાં તેમણે ૭૦૯ આવાસ લાભાર્થીનો ડ્રો કર્યો હતો અને શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫ કોફી ટેબલ બુકનું વિમોચન, સીટીઝન ફીડબેક સિસ્ટમનું લોન્ચિંગ પણ કર્યુ હતું.

નરેન્દ્રભાઈ મોદી કહે છે કે, જે બોલ્યા તે કરીને દેખાડીએ અને એજ અમારી નેઈમ પ્લેટ છે. નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં સરકારે એવી કાર્ય પધ્ધતિ અપનાવી છે કે, જે પ્રોજેક્ટના ખાતમુહુર્ત અમે કરીએ તેના લોકાર્પણ પણ અમે જ કરીએ.

કૃષિ અને પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે,



રાજકોટ સાથે મારે જુનો નાતો છે, જેની સાથે મેં કામ પણ કર્યું છે અને કામ લીધું પણ છે. આ ખડખડ વહેતી વિકાસની નદી આવે છે. રાજકોટ આમ જોઈએ તો સૌરાષ્ટ્રનું હબ કહેવાય છે જ્યાં એગ્રો થી લઈને એન્જીન ક્ષેત્રે વિવિધ વિકાસ નજરે દેખાયો છે. રાજકોટને મગફળીનું પીયરીયું પણ કહેવાય છે કેમકે મગફળી ક્ષેત્રે ખરીદી અને વેંચાણમાં પણ મહત્વનું સ્થાન ધરાવે છે.

ખેડૂતલક્ષી નીતિઓ અંગે માહિતી આપતાં તેમણે જણાવ્યું હતું કે, સરકારે ખેડૂતો માટે કૃષિ રાહત પેકેજ તેમજ રૂ. ૧૫,૦૦૦ કરોડની ખરીદી જાહેર કરી હતી. ખાસ કરીને રાજકોટ જિલ્લામાં ટેકાના ભાવે મગફળીની ખરીદીમાં ૨૩,૩૪૩ લાભાર્થીઓ પાસેથી ૫,૪૫૯ ટન મગફળીની ખરીદી થઈ ચૂકી છે અને ખેડૂતોના ખાતામાં ૫૦ ટકા જેટલાં રૂપિયા જમા કરવામાં આવ્યા છે. ડાંગર, બાજરી, જુવાર, મકાઈ, રાગી માટે પણ રૂ. ૧૫૦૦ પ્રતિ હેક્ટરની ખરીદીની શરૂઆત થવાની છે, જે ખેડૂતોના જીવનમાં નવો ઉદય લાવશે. સોમવારથી ડાંગરની ખરીદી પણ શરૂ કરવામાં આવશે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, અગાઉ ગુંડાગીરીનો ત્રાસ હતો જે હવે નાબુદ થયો છે. કારણ કે દાદાનું બુલડોઝર આવા તત્વો પર ફરી રહ્યું છે અને ફરતું રહેશે.

આ અવસરે મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયાએ વિકાસ કામો, ટ્રાફિક પ્રશ્ન નિવારણ, રીંગ રોડ, સીટી બસ, ભાદર અને આજી યોજનાના વિકાસ, નવી ડીઆઈ પાઈપલઈન, ભુગર્ભ ગટર લાઈનની સુધારણા, મેગા સીટી તરીકે વિકાસ, સફાઈ તંત્ર સુધારણા, ઈઝ ઓફ લીવીંગમાં સુધારો, આજે મણીયાર હોલ, સંતોષ પાર્કના કોમ્યુનિટી હોલની નવી સુવિધા, પાણી પુરવઠાના કામોનો ઉલ્લેખ તેમણે કર્યો હતો.

સાથે જ વર્કિંગ વુમન હોસ્ટેલ, નવા રીંગ રોડ ડેવલપમેન્ટ, કોમ્યુનિટી હોલ, પાઈપલાઈનના કામો શરૂ થયા છે જે બદલ સરકારનો આભાર માન્યો હતો. આજે કોર્પો.એ દેશમાં પ્રથમ વખત સીટીઝન ફીડબેક સિસ્ટમ પણ શરૂ કરી છે. આજના કાર્યક્રમમાં મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરી હતી. શાબ્દિક સ્વાગત સ્ટે. ચેરમેન જયમીનભાઈ ઠાકર, આભાર વિધિ વોટર વર્કસ સમિતિના ચેરમેન અશ્વિનભાઈ પાંભરે કરી હતી.

કાર્યક્રમમાં સાંસદો, ધારાસભ્યો, પદાધિકારીઓ, અધિકારીઓ, કલેકટર ડો.ઓમ પ્રકાશ, લોકાર્પણ ખાતમુહૂર્ત લગત સમિતિના ચેરમેન સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા, હાઉસીંગ ચેરમેન નીતિનભાઈ રામાણી, બાંધકામ ચેરમેન ભાવેશભાઈ દેથરીયા, ડ્રેનેજ ચેરમેન સુરેશભાઈ વસોયા, વોટર વર્કસ સમિતિ ચેરમેન અશ્વિનભાઈ પાંભર વગેરે હાજર રહ્યા હતા.

### નલિયા સિવાય સર્વત્ર ઠંડીમાં સામાન્ય રાહત

# નલિયામાં ૧૦.૮ ડિગ્રી : અન્ય સ્થળોએ ૧૯ થી ૧૪ ડિગ્રી વચ્ચે તાપમાન નોંધાયું



ગાંધીનગર તા.૨૨

નલિયાને બાદ કરતા રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતમાં આજે પણ ઠંડીમાં સામાન્ય રાહત રહી હતી. અને મોટાભાગનાં સ્થળોએ ૧૯થી ૧૪ ડિગ્રી આસ-પાસ લઘુતમ તાપમાન નોંધાયુ હતું.

આજે સવારે રાજકોટમાં ૧૪.૨, અમરેલીમાં ૧૬, પોરબંદરમાં ૧૫.૬, નલિયામાં ૧૦.૮ તેમજ અમદાવાદમાં ૧૬.૩, વડોદરામાં ૧૬,ભાવનગરમાં ૧૭.૮, ભુજમાં ૧૫.૯, દમણમાં ૧૮.૮, ડિસામાં ૧૪.૮, દિવમાં ૧૭.૮, તથા દ્વારકામાં ૧૯.૩, ગાંધીનગરમાં ૧૬.૨, કંડલામાં ૧૬.૫, તેમજ વેરાવળ ખાતે ૧૯.૪ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાવા પામ્યું હતું.

જામનગરમાં છેલ્લા ત્રણ દિવસમાં લઘુત્તમ તાપમાનનો પારો દોઢ ડિગ્રી ઉચકાયો હોવા છતાં ઠંડી યથાવત રહેવા પામી છે. બુધવારે લઘુત્તામ તાપમાન ૧૨.૫ ડિગ્રી નોંધાયા બાદ આજે બીજા દિવસે પણ લઘુતમ તાપમાન ૧૪ ડિગ્રીએ પહોંચી ગયું છે. ઠંડીનું પ્રમાણ યથાવત છે. તો વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૧૬ ટકા વધીને ૭૩ ટકા રહેતા વહેલી સવારમાં ધુમ્મસથી બપોરના સમયે થોડી ગરમીનો અહેસાસ થાય છે.

સોમવારથી શનિવાર સુધીમાં લઘુતમ તાપમાનમાં વધઘટ રહે છે. સોમવારે ૧૩.૫ ડિગ્રી નોંધાયા પછી શનિવારે લઘુતમ તાપમાન ૧૪ ડિગ્રી નોંધાયું હતુ તો મહતમ તાપમાનમાં ૨ ડિગ્રીના વધારા સાથે આજે ૩૦.૫ ડિગ્રી રહ્યું હતું.જ્યારે વાતાવરણમાં ભેજનું પ્રમાણમાં ૧૩ ટકાનો વધારા સાથે ૭૩ ટકા પહોંચી ગયું હતું.જયારે પવનની ગતિ પ્રતિકલાક ૪.૩ કિમિ રહી હતી.ઠંડા પવનના સુસવાટાથી લોકો ઠંડીનો વધુ અનુભવ કરી રહ્યા છે. સાંજ પડતા જ લોકો તાપણા, ગરમ વસ્ત્રોનો ઠંડીથી બચવા સહારો લઈ રહ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાં તો સમી સાંજમાં જ સોંપો પડી જાય છે. તો શહેરમાં પણ મધ્યરાત્રિના લટાર મારવા નિકળતા લોકો જોવા મળતા નથી.વહેલી સવારમાં આવતી ધુમ્મસના કારણે વાહન ચાલકોને ભારે મુશ્કેલીઓ પડી રહી છે. જેમ કે, પાણી વાળા વિસ્તારોમાં વધુ ધુમ્મસ જોવા મળે છે. તો સુકા વિસ્તારોમાં ધુમ્મસ ઓછી હોય છે.શિયાળામાં લગ્નગાળાની સીઝનમાં લોકો ઠંડી પણ રાસની રમઝટ બોલાવે છે.

### અગાઉ કચ્છમાં પણ બરકતઅલી ચાવડા દુષ્કર્મ વિવાદમાં આવ્યા હતા

# લીફ્ટમાં શારીરિક અડપલા કર્યા : ગાંધીનગર પીઆઈ સામે છેડતીની ફરિયાદ



અમદાવાદ તા.૨૨

અમદાવાદના વેજલપુર પોલીસ સ્ટેશનમાં પોલીસ ઈન્સ્પેક્ટર બરકતઅલી ચાવડા સામે છેડતીની ફરિયાદ નોંધાઈ છે. વિશાલા વિસ્તારમાં આવેલા એક એપાર્ટમેન્ટની લિફટમાં યુવતીના ખભે હાથ મૂકી શારીરિક અડપલાં કર્યા હોવાનો યુવતીએ આક્ષેપ કર્યો છે.

બરકતઅલી ચાવડા લિફટમાં જઈ રહ્યા હતા ત્યારે એક યુવતી પણ સાથે હતી. લિફ્ટ બંધ થતાં જ ચાવડાએ યુવતીના ખભા પર હાથ મૂકીને અડપલાં કર્યાં હતાં. લિફ્ટ છઠ્ઠા માળે પહોંચી એ સમયે બીજી વ્યક્તિઓ લિફટમાં આવતાં બરકત ચાવડા લિફટમાંથી બહાર નીકળી ગયો હતો.

ગભરાઈ ગયેલી યુવતીએ તાત્કાલિક ૧૮૧નો સંપર્ક કર્યો હતો. અભયમની ટીમે યુવતીને પૂછપરછ કરી કાયદાકીય માહિતી આપી હતી. બાદમાં યુવતીએ વેજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બરકતઅલી ચાવડા હાલમાં ગાંધીનગર કંટ્રોલરૂમમાં ફરજ બજાવે છે. અગાઉ તેઓ અમદાવાદ એસીબી અને રખિયાલ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવી ચૂક્યા છે. પીઆઈ ચાવડા અગાઉ પણ આ પ્રકારના વિવાદમાં આવી ચૂક્યા છે.

અગાઉ કચ્છમાં દુષ્કર્મની ફરિયાદ થઈ હતી, પરંતુ એમાં સમાધાન થઈ ચૂક્યું છે. વેજલપુર પોલીસ સ્ટેશનના પીઆઈ રણજિતસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે ચાવડા સામે ગુનો નોંધવામાં આવ્યો છે. હાલમાં આ મામલે તપાસ ચાલી રહી છે.

### ગુજરાત એટીએસના નવા ચોંકાવનારા ખુલાસા

# ગુજરાતના આતંકીઓનો પ્લાન દેશભરમાં કેમીકલ એટેકનો હતો : સૂત્રધારના નવા CCTV મળ્યા

### માસ્ટરમાઈન્ડ ડો. અહેમદના હૈદ્રાબાદ નિવાસેથી આઈએસઆઈએસના ઝંડા તથા આતંકી પ્રોફાઈલ મળ્યા




અમદાવાદ, તા.૨૧

ગુજરાતમાંથી પકડાયેલા ત્રણ આતંકવાદી તથા દિલ્હી બ્લાસ્ટમાં કનેકશન હોવાની તપાસ વચ્ચે ત્રાસવાદીઓનો ઈરાદો સમગ્ર દેશમાં કેમીકલ્સ એટેક કરવાનો હોવાનો ખુલાસો થયો છે. ગુજરાત એટીએસની તપાસમાં ત્રાસવાદીઓના નિવાસેથી આઈએસઆઈએસના ઝંડા ઉપરાંત વાંધાજનક ડીજીટલ ચીજો મળી આવી છે અને હજુ નવા ચોંકાવનારા ધડાકા થવાની આશંકા છે.

ત્રણ ત્રાસવાદીઓના આઈએસઆઈએસ મોડયુલ પર ગુજરાત એટીએસે ધડાકો કર્યો છે. આ મોડયુલ રાઈસીન નામના કેમીકલથી દેશભરમાં હુમલા કરવાની વેતરણમાં હતું. આ મોડયુલનો માસ્ટર માઈન્ડ અહેમદ સૈયદ મોઈનુદીન ૭ નવેમ્બરની સાંજે અમદાવાદની હોટલ ગ્રાન્ડ એમ્બીયન્સમાંથી બહાર નિકળતો હોવાનું સીસીટીવીમાં બહાર આવ્યુ છે તે અમદાવાદમાં હથિયાર લેવા માટે આવ્યો હતો.

આ જ મોડયુલનો બીજો આતંકવાદી લખીમપુરમાં રહેતો મોહમ્મદ મુહેલ છે. તેના નિવાસે તપાસમાં આઈએસઆઈએસના કાળા ઝંડા મળી આવ્યા છે. ચીનથી એમબીબીએસ કરી ચુકેલા અહેમદ સૈયદ મોઈનુદીનના આતંકી પ્રોફાઈલનો પણ ખુલાસો થયો છે. આ ડોક્ટર હૈદરાબાદમાં રહે છે. હેન્ડલર વચ્ચેની વાતચીતનો ખાનગી રેકર્ડ રાખતો હતો તે કબ્જે લેવામાં આવ્યો છે.ગુજરાત એટીએસે ઝડપેલા ત્રણ આતંકવાદીઓના કેસમાં હૈદ્રાબાદથી પણ એક તબીબની ધરપકડ કરવામાં આવી હતી. હૈદ્રાબાના ડો.અહેમદ સૈયદના ઘેર સર્ચ કરાયુ ત્યારે મોટીમાત્રામાં આતંકને લગતી સામગ્રી મળી આવી હતી તેના ભાઈ ઉમરની પુછપરછ કરવામાં આવી હતી. તેમાં તેણે એવો ખુલાસો કર્યો કે ૧૦ શખ્સો પરોઢીયે આવ્યા હતા.

ત્રણ કિલો એરંડા, પાંચ કિલો એસીટોન, કોલ્ડ પ્રેસ ઓઈલ એકસટેકશન મશીન તથા એસીટોન ડીલીવરીની રશીદ લઈ ગયા હતા. પોતાના ભાઈએ મેડીકલનો અભ્યાસ કર્યો હતો અને તેના અનુસંધાને કોઈએ તેમને પ્રોજેકટ આપ્યો હતો.

# મુખ્યમંત્રીના હસ્તે ખુલ્લો મુકાનાર ફ્લાય ઓવરબ્રીજ સંપૂર્ણ સલામત



**વર્તમાન ગેપ ડિઝાઈન નિયમો સાથે સુસંગત અને ફંકશનલ રીતે સલામત અને સેવા-સક્ષમ છે. બ્રિજના સ્પેન લોડનું ટેસ્ટિંગ આઇઆરસી માર્ગદર્શિકા મુજબ કરવામાં આવ્યું હતું.**

જામનગર તા.૨૨

સૌરાષ્ટ્રનો સૌથી લાંબો ફલાયઓવર જામનગરમાં રૂ. ૨૨૬.૯૯ કરોડના ખર્ચથી નિર્માણ પામી ચૂક્યો છે, જેનું લોકાર્પણ આગામી સોમવારે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે થવા જઈ રહ્યું છે ત્યારે, ગઈકાલે શુક્રવારે કન્સલ્ટન્ટ કંપનીએ મહાનગરપાલિકાને લેખિતમાં આ નિર્માણની સેવા-સુરક્ષા, કાર્યક્ષમતા અને સ્થિરતા બાબતે બાંહેધરી આપી દીધી છે અને કહ્યું છે કે, આ સંબંધે કોઈ ચિંતાઓ કરવાની રહેતી નથી.

અત્રે ઉલ્લેખનિય છે કે, આ ફલાયઓવરનું નિર્માણ અને ફિનિશિંગ યોગ્ય રીતે થયું નથી એવો વિપક્ષનો આક્ષેપ છે, જેનો આ લેખિત બાંહેધરીથી છેદ ઉડી જાય છે. કધસલ્ટન્ટ કંપની ઈફતફમ ાદિ.હમિં.ના નિષ્ણાંત મંથન સોલંકીના નામથી આ લેખિત ખાતરી આપવામાં આવી છે, જે મહાનગરપાલિકાના સિટી ઈજનેરને પાઠવવામાં આવી છે.

આ લેખિત ખાતરીમાં જણાવાયું છે કે, બ્રિજના એક્સ્પાનશન જોઈન્ટ ગેપ અંગે જે શંકાઓ ઉપજાવવામાં આવી છે, તે અંગેનું આ ટેક્નિકલ સ્પષ્ટીકરણ છે. આ એક્સ્પાનશન જોઈન્ટ ગેપનું મુખ્ય કાર્ય તાપમાન પરિવર્તન, શ્રિંકેજ, ક્રિપ તેમજ વાહનભારના અસરકારક ટ્રાન્સફર દરમ્યાનૉ ષ્ઠટ્ટજં ર્જહષ્ઠીી જ્ઞટ્ટહ્વ વચ્ચે ઉપજતા લોન્ગિટ્યૂડિનલ મૂવમેન્ટને શોષી લેવાનું છે. તે મુજબ આ ગેપનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે અને તેના નિષ્કર્ષ અત્રે પ્રસ્તુત છે.

નિષ્કર્ષમાં જણાવાયું છે કે, નિર્માણ સમયે તેમજ ડિઝાઈનના નિયમો અનુસાર આ પ્રકારના જોઈન્ટ માટે ઋતુ પરિવર્તનને ધ્યાનમાં લઈ મિનિમમ અને મેક્સિમમ મૂવમેન્ટ રેન્જ નક્કી કરવામાં આવેલી હોય છે. હાલમાં જોવાયેલાં ગેપ આ ડિઝાઈન મૂવમેન્ટ રેન્જની સ્વીકાર્ય મર્યાદામાં આવે છે. નિરીક્ષણ દરમ્યાન કોઈ પણ પ્રકારની સ્ટ્રક્ચરલ ડિસ્ટ્રેસ, બેરિંગ મિસએલાયમેન્ટ, સ્લેબ ક્રેક્સ અથવા અન્યો અસામાન્ય ચિહ્નો જોવા મળેલાં નથી.

આ સ્પષ્ટતામાં વધુમાં જણાવાયું છે કે, વર્તમાન ગેપ ડિઝાઈન નિયમો સાથે સુસંગત અને ફંકશનલ રીતે સલામત અને સેવા-સક્ષમ છે. બ્રિજના સ્પેન લોડનું ટેસ્ટિંગ આઈઆરસી માર્ગદર્શિકા મુજબ કરવામાં આવ્યું હતું.


લોડ ટેસ્ટના પરિણામો મુજબ, ડિફલેકશન અને સ્ટ્રેઈન રિડિંગ ડિઝાઈન મર્યાદામાં આવેલ છે. રિકવરી રેટ ૯૭ ટકા પ્રાપ્ત થયેલો છે. જે આઈઆરસી દ્વારા નક્કી કરાયેલી સ્વીકાર્ય મર્યાદા કરતાં વધુ ઉતમ છે. રિકવરી રેટ ૯૦ ટકાથી વધુ હોય તો સંતોષકારક માનવામાં આવે છે. ત્યારે ૯૭ ટકાનું પરિણામ સ્ટ્રકચરલ પર્ફોમન્સ ઉતમ અને સુરક્ષિત સૂચવે છે.

આ લેખિત ખાતરીના અંતમાં કહેવાયું છે કે, બ્રિજની કાર્યક્ષમતા, સ્થિરતા, અને સેવા-સુરક્ષા બાબતે કોઈ ચિંતાઓ કરવાની રહેતી નથી. એક્સ્પાનશન જોઈન્ટ ગેપ ડિઝાઈન મર્યાદામાં છે અને બ્રિજના લોડ ટેસ્ટ પરિણામ સંતોષકારક છે. સ્ટ્રક્ચરમાં કોઈ અવ્યવસ્થા અથવા જોખમજનક પરિસ્થિતિઓ જોવા મળતી નથી. આ માટે વધુ વિગતો કે સ્પષ્ટીકરણની જરૂર પડશે ત્યારે કંપની ઉપલબ્ધ છે.

# કોઇને 'સારા'લાગશો,કોઈને 'ખરાબ' લાગશો,પણ ચીંતા ના કરશો.જેવા જેના વિચારો હોય છે, તેવા જ તેના 'મૂલ્યાંકન' હોય છે.."ઝૂકે" છે તે... અવશ્ય કંઈક ને કંઈક લઈને "ઊઠે" છે



**યશપાલસિંહ ટી. વાઘેલા**
**દરબાર ગઢ થરા**




ભગવદ્ ગીતા જ્ઞાનમાં આગળ આજે જોઈએ તો મનુષ્યોને શિવજી આમસમજાવે છે કે,હરિ સ્મરણ અને હરિકીર્તન થી મનુષ્ય મોહિનીના મોહમાંથી બચી શકશે મોહિની એટલે ભગવાનની માયા. એને તરવાનું રેંજીપેંજીનું કામનથી દૃઢ મનોબળવાળા પરાક્રમી,ભક્ત નું જ એ કામ છે.બાકી મોટા મોટા સંત- મહાત્માઓ ભગવાનની માયા જોઈ ગોથાં ખાઈ જાય છે,ત્યાં સામાન્ય માનવીનું શું ગજું?તે પછી શુકદેવજી પરીક્ષિત રાજાને વામન ભગવાનની કથાસંભળાવી દેવ-દૈત્યોનું યુદ્ધ થયા પછી દૈત્યો શુક્રાચાર્યને શરણે ગયા.શુક્રાચાર્ય ની મદદથી દૈત્યોનું બળ વધ્યું. શુક્રાચાર્યે બલિને કહ્યું કે,તું વિશ્વ જીત યજ્ઞ કર.બલિએ વિશ્વ જીત યજ્ઞ કર્યો તે યજ્ઞમાંથી સર્વજિતરથ નીકળ્યો જે શુક્રની સેવા કરે છેતે બલિબને છે.શુક્ર-શક્તિતત્ત્વછે.તેનાઆધારે શરીર બન્યું છે.બ્રહ્મચર્યની સેવા કરો તો બલિ થશો.શુક્રાચાર્ય એટલે સંયમ બ્રહ્મ ચર્યની સેવા કરવા એટલે કે સંયમ બ્રહ્મચર્ય પાળવાથી દૈત્યો બલિ બળવાન થયા.

બલિએ સર્વવિષયોનો યજ્ઞમાં હોમ કર્યો. સંયમરૂપી અગ્નિમાં સર્વ વિષયોનો હોમ કરી બલિ જિતેન્દ્રિય બન્યો, અને બળવાન થયેલા બલિને શુક્રાચાર્યે પોતાનું બ્રહ્મ તેજ આપ્યું. બલિરાજાએ દેવોનો પરાભવ કર્યો અને સ્વર્ગનું રાજ મેળવ્યું.પછી બલિ ઈન્દ્રાસન ઉપર બેઠો. શુક્રાચાર્ય વિચાર કરે છે. બલિ સો અશ્વમેઘ યજ્ઞ કરે તો સ્વર્ગનું રાજ્ય કાયમને માટે મળે.યજ્ઞ કરવા બલિરાજા ભૃગુ કચ્છ (હાલના ભરૂચ) તીર્થમાં આવ્યા.દેવોની લાચાર હાલત જોઈ દેવોની માતા અદિતિને બહુ દુઃખ થયું.તેમણે કશ્યપ પાસે માગ્યું કે,મારા છોકરાઓને સ્વર્ગ નું રાજ્ય પાછું મળે તેવું વરદાન આપો!કશ્યપ કહે છે,આવી બાબત પ્રભુ પર છોડવા સિવાય બીજો ઉપાય નથી માટે દેવી,તમે ફાગણ મહિનામાં વિધિપૂર્વક પયો વ્રત નામનું વ્રત કરો તો પરમાત્મા તમારા ઘરે પુત્રરૂપે આવશે. અદિતિ અને કશ્યપ ગૃહસ્થાશ્રમી છે.બંને પતિપત્ની પ્રભુ ભક્ત છે. આવા ગૃહસ્થાશ્રમીને વગર યોગા ભ્યાસે યોગનું ફળ મળી શકે છે. ગૃહસ્થાશ્રમ તો જે યત્ર યોગોહ્ય યોગિનામ્? લોકો યોગ કરી શકતા નથી તેને પણ યોગનું ફળ આપવા વાળોછે.ગૃહસ્થાશ્રમમાં અગિયાર ઈન્દ્રિયોને કાબૂમાં રાખવી પડે છે. ગૃહસ્થાશ્રમમાં ધર્મમુખ્ય છે,ભોગ નહીં.આજ તો વરરાજા ઘોડા પર બેસતાં બીએ છે,કારણ કે ઘોડાને કાબૂમાં રાખવા લગામ પકડતાં આવડતી નથી.જેની લગામ પોતાના હાથમાં નહીં તે ગૃહસ્થાશ્રમ ખાડામાં જ પડે. શાસ્ત્રમાં ગૃહસ્થાશ્રમના ઘણાં વખાણ કર્યા છે.નિંદા કામવાસના ની કરો છે. મહાત્માઓ તો ત્યાં સુધી કહે છેકે,ગૃહસ્થાશ્રમીનો આનંદ અનેક વખત યોગીઓના આનંદ કરતાં પણ ચડિયાતો છે. સ્ત્રી કે પુરુષ કોઈની નિંદા કરતા નથી.નિંદા કેવળ વાસનાની કરાય છે .

કશ્યપ અદિતિનો ગૃહસ્થાશ્રમ દિવ્ય હતો.બંને પવિત્ર જીવન ગાળી તપશ્ચર્યા કરતાં હતાં. તેથી પ્રભુને થયું કે, આજે હું એમના ઘરે જન્મ લઉં. અદિતિ એટલે અભેદબુદ્ધિ-બ્રહ્માકાર વૃત્તિમાંથી બ્રહ્મ પ્રગટ થાય છે.કશ્યપએ મન છે. જેની મનોવૃત્તિ બ્રહ્મકાર બની છે. તે કશ્યપ છે. સ્ત્રી જો અદિતિ બને અને પુરુષ જો કશ્યપ બને તો તેને ઘરે ભગવાન અવતાર લે છે,ત્યારે પરમાત્મા પ્રગટ થાય છે. યોગીઓ બ્રહ્મચિંતન કરતાં બ્રહ્મ મય થઈ શકે છે,પરંતુ ગૃહસ્થાશ્રમી ભગવાનને પુત્રરૂપે પ્રાપ્ત કરી શકે છે. દેહ દષ્ટિ હશે ત્યાં સુધી કામ તમારી પાછળ છે માટે કામનો વિનાશ કરવો હોય તો દેહદષ્ટિ રાખવાને બદલે દેવદષ્ટિ રાખો. દ્રષ્ટિ કેન્દ્ર બદલવાનું છે. દષ્ટિ એની એ છે,પણ કયા કાચ માંથી કઈ તરફ જોવાય છે તેના પર આધાર છે.

ભાગવત પરમહંસોનું શાસ્ત્ર છે.તે દષ્ટિદાતા છે.જગત બગડયું નથી. મનુષ્યની આંખ-મન-બુદ્ધિ બગડ્યાં છે. તું તારા કાળજાને સુધાર.તારા આંખ-મન બુદ્ધિને સુધારે તો જગત સુધરી જશે. કોઈને બાહ્યકારે જોશો નહીં.એક વખતે જનકરાજાના દરબારમાં અષ્ટાવક્ર મુનિ પધાર્યા.તેમનાંઆઠે અંગ વાંકા જોઈ બધા હસવા લાગ્યા.અષ્ટાવક્ર પણતેથી હસવા લાગ્યા.

જનકરાજા તેમને પૂછે છે, અમે સર્વ તો તમારું વાંકું શરીર જોઈને હસીએ છીએ; પરંતુ અહીં તમે શા માટે હસોછે?અષ્ટાવક્ર બોલ્યા મેં માન્યું હતું કે,જનક રાજાના દરબારમાં બધા જ્ઞાનીઓ વિરાજે છે, પરંતુ અહીં તો બધા ચમાર ભેગા થયા છે એ જોઈ હું હસું છું. શરીર તો જેવું તમારું છે,તેવું જ મારું છે. તમારા આકાર કરતાં મારા અંગોનો આકાર થોડો જુદો પડયો એ તમે જોયું, પણ બીજું કાંઈ જોયું?તમે જોવાનું જોયું નહીં તેથી મને હસવું આવ્યું.તમે બ્રહ્મમય દષ્ટિવાળા હોતો કૃતિને જુઓ મનુષ્યપેઠે કેવળઆકૃતિમાં શું જુઓ છો!

દિતિ એટલે ભેદબુદ્ધિ,અદિતિ એટલે અભેદબુદ્ધિ-બ્રહ્માકારવૃત્તિ દિતિ એટલે ભેદબુદ્ધિમાંથી હિરણ્યાક્ષ-હિરણ્યકશિપુ જેવા રાક્ષસોના જન્મ થાય છે. અદિતિ એટલે અભેદબુદ્ધિમાંથી ભગવાન વામન જન્મે છે.જગતને ભેદભાવ થી જોશો નહીં.જગતને અભેદ ભાવથી જોવાનું છે.આકારએ કિંમતી વસ્તુ નથી,સોનુંએ કિંમતી વસ્તુ છે.કિંમત સોનાની મળે છે, આકારની નહીં.માટે મૂળ પદાર્થને જુઓ.

એક મહાત્મા પાસે સોનાનો ગણપતિ અને સોનાનો ઉંદર હતો શરીર વૃદ્ધ થયું.મૂર્તિ માટેઆ ચેલા ઓ ઝઘડો કરશે.તેથી મહાત્માએ વિચાર્યું કે,આ મૂર્તિ ઓ વેચી ભંડારો કરીશ. મૂર્તિઓ વેચવા લઈ ગયા.ગણપતિની મૂર્તિ દસ તોલાની થઈ.ઉંદરની મૂર્તિ અગિયાર તોલાની થઈ.સોનીએ કહ્યુંકે,ગણપતિની કિંમત એક હજાર રૂપિયા અને ઉંદરની ૧૧૦૦ રૂપિયા.મહાત્મા કહે ગણપતિ તો માલિક દેવ છે.તેની કિંમત ઓછી કેમ આપે છે? સોની કહે, હું તો સોનાની કિંમત આપું છું, માલિક દેવની નહીં.મારે મન ગણપતિ નથી,આ ઉંદર નથી આ સોનું છે.

તેમ જ્ઞાની પુરુષો આકારને જોતા નથી.જ્ઞાનીપુરુષો સૃષ્ટિનેનિર્વિકાર ભાવે જુએ છે.સર્વમાં એકને નિહાળો.અદિતિને પતિમાં પણ પરમાત્માનાં દર્શન થતાં હતાં

જે વસ્તુનું મન વારંવાર ચિંતન કરશે તેનો આકાર મનમાં સ્થિર થઈ જશે. એક જ સ્વરૂપનું વારં વાર ધ્યાન કરો, સ્મરણ કરો, ચિંતન કરો તો તમે એ સ્વરૂપમય બની જશો.એક શેઠ કાશ્મીરગયા હતા,ત્યાં તેમણે પુષ્કળ ગુલાબનાં ફૂલ જોયાં.શેઠનામનમાં દ્રવ્યનો ભાવ હતો એટલે શેઠને થયું, અહીં ગુલકંદની ફેકટરીખોલીહોય તો વેપાર સારો ચાલે.શેઠની આંખ માં કેવળ દ્રવ્યનો ભાવ હતો.તેથી તેમને બધે પૈસો જ દેખાય છેતેવી રીતે દષ્ટિને ભાગવતમયબનાવશો તો દષ્ટિ જ્યાં જશે ત્યાં ભગવાન દેખાશે.ગોપીની દ્રષ્ટિ પરમાત્મામાં જ હતી.શ્રીકૃષ્ણ મથુરામાં બીરાજતા હતા ત્યારે ગોપીનો શ્રીકૃષ્ણ ગોકુળમાં જ દેખાય છે. ઉદ્ધવને કહે છે કે,કનૈયો અહીં જ છે!ગોપીને બધું જ શ્રીકૃષ્ણમય, શ્યામ જ શ્યામ દેખાય છે. કુંજન શ્યામ,યમુના શ્યામ,ગગન શ્યામ, ઘનશ્યામ,શિવનો કંઠશ્યામ બધે શ્યામ રંગ છે.હવે કશ્યપનો અર્થ જુઓ.તે શબ્દને ઊલટાવોતો થશે પશ્યક.ઉપનિષદમાં'ક'નો અર્થકર્યો છે ઈશ્વર.ક એટલે ઈશ્વર અને શ્યપ એટલે જોવું.સર્વમાં એક ઈશ્વરને જુએ તે કશ્યપ. કશ્યપની વૃત્તિ બ્રહ્માકાર બની ત્યારે ભગવાનને પ્રગટ થવું પડયું. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં અહીં અટકીએ અસ્તુ.

## મતદાર યાદી સુધારણા : મતદાન મથકો પર મતદારોની પાંખી હાજરી

# BLO અને સહાયકો હાજર છતાં કામગીરી ઉપર અસર રવિવારના સવારે ૯થી બપોરે ૧ વાગ્યા સુધી હાજર રહેશે





(ગરવી તાકાત) હિંમતનગર તા.૨૨

રાજ્ય ચૂંટણી વિભાગ દ્વારા **SIR** હેઠળ મતદાર યાદી સુધારણા કાર્યક્રમ ૪ નવેમ્બરથી ૪ ડિસેમ્બર સુધી ચાલી રહ્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત, મતદાન મથકો પર **BLO** (બૂથ લેવલ ઓફિસર) અને તેમના સહાયકો મતદારોને મદદ કરવા માટે કાર્યરત છે. જોકે, મતદાન મથકો પર મતદારોની હાજરી ઘણી ઓછી જોવા મળી રહી છે.

સાબરકાંઠા જિલ્લાની હિંમતનગર, પ્રાંતિજ, ઈડર અને ખેડબ્રહ્મા એમ ચાર વિધાનસભા બેઠકો પર કુલ ૧૨૮૨ મતદાન મથકો પર શનિવારે સવારે ૯ વાગ્યાથી **BLO** અને તેમના સહાયકો ફરજ પર હાજર રહ્યા હતા. આ સહાયકોની મદદથી કામગીરી વધુ ઝડપી બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

હિંમતનગરના માણેકકૃપા, બહુમાળી ભવન, પોલીસ હેડક્વાર્ટર નંદાનગર અને તાલુકા પ્રાથમિક શાળાના મતદાન મથકોની દિવ્યભાસ્કર ટીમે મુલાકાત લીધી હતી. આ સ્થળોએ **BLO** સાથે સહાયકો પણ મદદમાં જોવા મળ્યા હતા, પરંતુ મતદારોની સંખ્યા નહિવત્ હતી. બહુમાળી ભવન, પોલીસ હેડક્વાર્ટર અને તાલુકા પ્રાથમિક શાળાના મતદાન મથકો પર પણ એકલદોકલ મતદારો જ ફોર્મ લઈને આવ્યા હતા.મોટાભાગના મતદાન મથકોના વિસ્તારોમાં મતદારો સુધી ફોર્મ પહોંચી ગયા છે. જોકે, કેટલાક લોકો વિસ્તાર છોડીને અન્ય સ્થળે જતા રહ્યા છે. કર્મચારીઓ ઘરે ઘરે પહોંચ્યા હોવા છતાં, મતદારો ફોર્મ લઈને મતદાન મથકે આવતા નથી, જેના કારણે કામગીરીમાં અપેક્ષિત ગતિ જોવા મળી રહી નથી.૨૨ નવેમ્બર શનિવાર અને ૨૩ નવેમ્બર રવિવારના રોજ સવારે ૯ થી બપોરે ૧ વાગ્યા સુધી **BLO**, સહાયકો અને સ્થાનિક કર્મચારીઓની મદદથી કામગીરીને વધુ વેગ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

## યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કૂલ તથા કે.બી.દેસાઈ સ્કૂલ શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ, નવી દિલ્હીના પ્રતિમાન કેન્દ્ર તરીકે કાર્યરત છે

# શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસના પ્રતિમાન કેન્દ્ર ખાતે ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે કળશ યાત્રા

(ગરવી તાકાત) ઈડર તા.૨૨

અહીં તાજેતરમાં ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ, ગુજરાત પ્રદેશ દ્વારા જનજાતિ ગૌરવ-કળશ યાત્રાનું આયોજન થયું હતું. તેમાં વિશેષ અતિથિ તરીકે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, ગાંધીનગર વિભાગના સંચાલકજી પ્રકાશભાઈ પરમાર, અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ, મહેસાણા વિભાગના સંયોજક કેનીભાઈ પંચાલ, સાબરકાંઠા જિલ્લાના સહ-સંયોજક જૈનીલભાઈ સોની, ઈડર નગર મંત્રી દીક્ષિતભાઈ સગર તથા પ્રાંત એગ્રીવિઝન સહ સંયોજક તથા ભાગ સંયોજક (ઈડર વડાલી ખેડબ્રહ્મા અને પોશીના) મનભાઈ સગર તથા છમ્ફઁના તમામ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા આમંત્રિત મહેમાનો ઉત્સાહી રીતે જોડાયા હતા. કાર્યક્રમ દરમિયાન ભગવાન બિરસા મુંડાજીના



(તસ્વીર-અહેવાલ : રાકેશ નાયક,ઈડર)

જીવનપ્રસંગો, ઐતિહાસિક સંઘર્ષો અને સમાજના હિત માટે આપેલ તેમના અદભૂત યોગદાન અંગે માહિતીસભર રજૂઆતો કરવામાં આવી હતી. ખાસ કરીને જનજાતિ સમાજને સ્વાભિમાન, એકતા અને હક્કો માટે પ્રેરિત કરનાર તેમના વિચારો વિદ્યાર્થીઓને અત્યંત પ્રેરણાદાયી બન્યા હતા.


આ અવસરે વકતાઓએ જણાવ્યું કે બિરસા મુંડાનું વ્યક્તિત્વ ભારતના સ્વતંત્રતા સંઘર્ષનો એટલો જ મહત્વનો ભાગ છે, જેટલો કોઈ અન્ય મહાન ક્રાંતિકારીનો છે. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓને તેમના આદર્શોને જીવનમાં અપનાવવા આહવાન કરવામાં આવ્યું.

આ કાર્યક્રમના આયોજનમાં યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કૂલ, કે.બી.દેસાઈ સ્કૂલ, ઈડર આંજણા પાટીદાર હિતવર્ધક મંડળ, નરસિંહભાઈ દેસાઈ સેન્ટર ફોર કરિયર ડેવલપમેન્ટ તથા ઉમિયા એજ્યુકેશન ટ્રસ્ટનો મહત્વપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો.

## બનાસકાંઠા જિલ્લા પંચાયતમાં પોપડા પડતાં કરાયેલ નિર્ણય

# ત્રીજા-ચોથા માળની કચેરીઓ અન્ય સ્થળે ખસેડાઈ, હવે નવું મકાન બનાવવામાં આવશે

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ખાતે આવેલી જિલ્લા પંચાયતનું મકાન આશરે ૪૫ વર્ષ જૂનું હોવાથી તેમાં અવારનવાર પોપડા પડવાની ઘટનાઓ સામે આવી રહી છે. કોઈ મોટી દુર્ઘટના ન સર્જાય તે માટે વહીવટી તંત્ર દ્વારા ત્રીજા અને ચોથા માળ પર આવેલી કચેરીઓને અન્ય સ્થળે ખસેડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



સલામતીના ભાગરૂપે, જિલ્લા પંચાયતના ત્રીજા અને ચોથા માળને ખાલી કરીને ત્યાંના સ્ટાફને અન્ય જગ્યાએ ખસેડવામાં આવ્યો છે. આ ઉપરાંત, અન્ય કચેરીઓને પણ ખસેડવાની પ્રક્રિયા હાલ ચાલુ છે. મકાનની જર્જરિત હાલત જોતા, તૂટી પડે તેવા પોપડા દૂર કરવામાં આવ્યા છે અને જરૂરિયાત મુજબ બેરીકેડિંગ તથા અન્ય સુરક્ષા પગલાં લેવામાં આવ્યા છે. જિલ્લા પંચાયત માટે નવું મકાન બનાવવા માટે અંદાજે ૬૩ કરોડ રૂપિયાનો ખર્ચ થવાનો અંદાજ છે. આ નવા મકાન માટે તાંત્રિક મંજૂરી મેળવવાની પ્રક્રિયા હાલ ચાલી રહી છે.જિલ્લા પંચાયત માર્ગ અને મકાન વિભાગ ના ઢ્ઈ જે એમ ઠાકોરે જણાવ્યું હતું કે, જિલ્લા પંચાયતનું મકાન આશરે ૪૫ વર્ષ જૂનું થયેલ છે. જેના કારણે અવારનવાર પોપડા પડવાની ઘટનાઓ બને છે. જેથી સલામતીના ભાગરૂપે તૂટી પડે તેવા પોપડા વગેરે પાડી, જરૂરિયાત મુજબ બેરીકેડિંગ તથા સેફ્ટી મેજર કરેલ છે. હાલમાં મકાનના ત્રીજો અને ચોથો માળ ખાલી કરી સ્ટાફને અન્ય જગ્યાએ શિફ્ટ કરેલ છે. અન્ય પણ કચેરીઓ ખસેડવાની પ્રક્રિયા હાલ ચાલુ છે. નવા મકાન બનાવવા માટે અંદાજે ૬૩ કરોડ જેવો ખર્ચ થવા પામે એમ છે, જેની તાંત્રિક મંજૂરી મેળવવાની પ્રક્રિયા હાલ હાથ ધરેલી છે.

## પ્રતિબંધિત પ્લાસ્ટિક નગરપાલિકાની કડક કાર્યવાહી

# ભાભરમાં ૧૪૦ કિલો પ્લાસ્ટિક જપ્ત રૂા.૫૦૦૦ દંડ વસૂલ કરવામાં આવ્યો



(ગરવી તાકાત) વાવ તા.૨૨

ભાભર નગરપાલિકાએ પ્રતિબંધિત પ્લાસ્ટિક સામે કડક કાર્યવાહી હાથ ધરી છે. આ ઝુંબેશ અંતર્ગત બ્લેક પ્લાસ્ટિક ઝભલા, ચાની પાલીઓ અને નાસ્તાના બાઉલ સહિતની પ્રતિબંધિત પ્લાસ્ટિક ચીજવસ્તુઓનો ઉપયોગ, વેચાણ, વિતરણ અને સંગ્રહ કરતા લોકો સામે દંડ ફટકારવામાં આવ્યો હતો.


વાવ-થરાદ જિલ્લાના નવા કલેક્ટરના આદેશ અને જાહેરનામા બાદ ભાભર નગરપાલિકા તંત્ર સક્રિય બન્યું હતું. ચીફ ઓફિસર પાયલબેન દેસાઈએ તેમની ટીમ સાથે ભાભરના તમામ વિસ્તારોમાં તપાસ હાથ ધરી હતી.

આ કાર્યવાહી દરમિયાન અંદાજે ૧૪૦ કિલોગ્રામથી વધુ પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. નગરપાલિકા દ્વારા ?૫૦૦૦નો વહીવટી ચાર્જ અને દંડ વસૂલ કરવામાં આવ્યો છે.

ચીફ ઓફિસર પાયલબેન દેસાઈએ જણાવ્યું હતું કે, પ્રતિબંધિત પ્લાસ્ટિક સામેની આ કાર્યવાહી આગામી દિવસોમાં પણ સતત ચાલુ રાખવામાં આવશે.

## પાટણમાંથી ૪૮૨૧ કિલો શંકાસ્પદ ઘી-તેલ સીઝ

# માવજત ફૂડ પ્રોડક્ટ્સના ગોડાઉનમાંથી ૧૧ લાખથી વધુનો જથ્થો જપ્ત કરાયો



(ગરવી તાકાત) પાટણ તા.૨૨

પાટણ લોકલ ક્રાઈમ બ્રાન્ચ **(LCB)** અને ખોરાક તથા ઔષધ નિયમન તંત્ર દ્વારા પાટણમાં ભેળસેળ વિરોધી મોટી કાર્યવાહી કરવામાં આવી છે. આ કાર્યવાહીમાં ૪૮૨૧ કિલો શંકાસ્પદ ઘી અને તેલનો જથ્થો સીઝ કરવામાં આવ્યો છે, જેની કુલ કિંમત ૧૧,૮૭,૨૭૨ આંકવામાં આવી છે. આ પગલું જનસ્વાસ્થ્યની સુરક્ષા માટે મહત્વપૂર્ણ મનાય છે.

તા. ૨૧ નવેમ્બરના રોજ **LCB** અને ખોરાક તથા ઔષધ નિયમન તંત્ર, પાટણની ટીમે સંયુક્ત રીતે માવજત ફૂડ પ્રોડક્ટ્સ **(Mavjat Food Products)** પર દરોડો પાડ્યો હતો. આ પેઢીના પ્રોપ્રાયટર મોદી પ્રકાશકુમાર વ્રજલાલ છે અને તે **Royal Business Park, Highway Road, MandOri Road, Patan** ખાતે ગોડાઉન નંબર ૧૧ અને ત્ન-૧૭ માં સ્થિત છે. તપાસ દરમિયાન શંકાસ્પદ ખાદ્ય પદાર્થોનો મોટો જથ્થો મળી આવ્યો હતો. તપાસમાં ૧,૫૭૬.૮૮ કિલો ઘી અને ૩,૨૪૫ કિલો ભેળસેળયુક્ત તેલ મળી આવ્યું હતું, જેનો કુલ જથ્થો ૪,૮૨૧ કિલો થાય છે. શંકાસ્પદ જણાતા, અધિકારીઓએ આ સમગ્ર જથ્થો સીઝ કર્યો હતો.

કાર્યવાહી દરમિયાન ઘી અને તેલના કુલ ૧૦ નમૂનાઓ લેવામાં આવ્યા હતા, જેમાં તેલના ૫ અને ઘીના ૫ નમૂનાઓનો સમાવેશ થાય છે. આ તમામ નમૂનાઓને લેબોરેટરી પરીક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા છે. લેબોરેટરી રિપોર્ટ આવ્યા બાદ ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ, ૨૦૦૬ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## પાટણનું આઇકોનિક બસ સ્ટેશન શરૂ થવાની તૈયારી

# રૂટ ઉપરથી કાચા પાકા અને લારી-ગલ્લા, વાહનોના દબાણો હટાવાયા

(ગરવી તાકાત) પાટણ તા.૨૨

પાટણ શહેરનું નવું આઈકોનિક બસ સ્ટેશન ટૂંક સમયમાં શરૂ થવા જઈ રહ્યું છે. મુસાફરોની અવરજવર સરળ બને અને ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તે હેતુથી, વહીવટી તંત્ર, પાટણ નગરપાલિકા અને પોલીસે બસ સ્ટેશનના રૂટ પરના દબાણો હટાવવાની ઝુંબેશ હાથ ધરી છે. આ કાર્યવાહીમાં ૭૦ થી ૮૦ જેટલા કાચા-પાકા લારી-ગલ્લાના દબાણો દૂર કરવામાં આવ્યા હતા.

કલેક્ટરના આદેશથી આધુનિક બસ સ્ટેશનના લોકાર્પણ પૂર્વે આ કામગીરી કરવામાં આવી હતી. બસની અવરજવરના મુખ્ય માર્ગો પર વાહનવ્યવહાર સરળતાથી થઈ શકે તે સુનિશ્ચિત કરવા માટે વહીવટી તંત્ર, નગરપાલિકાના અધિકારીઓ અને પોલીસ દ્વારા સંયુક્ત રીતે મોડી સાંજે દબાણ હટાવવાની કામગીરી શરૂ કરાઈ હતી.

બસ સ્ટેશન તરફ જતા માર્ગો પર છેલ્લા ઘણા સમયથી કાચા-પાકા દબાણો, લારી-ગલ્લા અને અન્ય પથારાવાળાઓએ ટ્રાફિકમાં અવરોધ ઊભો કર્યો હતો. આ દબાણોના કારણે



બસ અને અન્ય વાહનોની અવરજવર મુશ્કેલ બની રહી હતી, જેનાથી લોકોને અગવડતા પડતી હતી.

આ બાબતને ગંભીરતાથી લઈને, વહીવટી તંત્ર અને નગરપાલિકાની ટીમે પોલીસના સહયોગથી બસ સ્ટેશનના રૂટ પરના તમામ દબાણો હટાવ્યા હતા. આ કાર્યવાહીમાં માર્ગોની બંને બાજુએ અનધિકૃત રીતે ગોઠવાયેલા લારી-ગલ્લા, પતરાના શેડ અને અન્ય દબાણકર્તા વસ્તુઓ દૂર કરવામાં આવી હતી. દબાણનો કાટમાળ ટ્રેક્ટર મારફતે પાલિકા ખાતે લઈ જવામાં આવ્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### વિજયનગરની વિવિધ વિદ્યા સંકુલમાં સ્વદેશી અંતર્ગત કાર્યક્રમો યોજાયા



(ગરવી તાકાત) વિજયનગર તા.૨૨

વિજયનગર તાલુકાના રાજપુર કેળવણી મંડળના પ્રમુખ આદ્યસ્થાપક શ્રીમણિભાઈ પટેલ દ્વારા સંચાલિત વિવિધ વિદ્યા સંકુલમાં સર પી. ટી. સાયન્સ કોલેજ મોડાસાના રાષ્ટ્રીય સ્વયંસેવકના પ્રો. ડો. મનોજ ગોગીવાલા દ્વારા સ્વદેશી અંતર્ગત વ્યાખ્યાન સિરીઝ યોજવામાં આવી હતી. જ્યારે વિજયનગરની વિદ્યા શાળામાં નર્સિંગ કોલેજ઼ૅ, રાજપુર, પાલ નિવાસી શાળાઓમાં સ્વદેશી અભિગમ અંતર્ગત વ્યાખ્યાનો બાદ સ્વદેશી ગ્લુકોઝ બિસ્કિટર્સ આપવામાં આવ્યા હતા. રાજપુર કેળવણી મંડળના સ્થાપક મણિભાઈ પટેલે એમની પ્રતિક્રિયા આપી, સેવા સમર્પણને પ્રોત્સાહન આપ્યું હતું. બે દિવસના કાર્યક્રમનું સુચાર આયોજન કેમ્પસના ડાયરેક્ટર ડો. આઈ. એમ. મેમણે કર્યું હતું આ કાર્યક્રમમાં વિધાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



સાયબર ફ્રોડ ના બનાવો અને તેમાંથી બચવા ના ઉપાયો અંગે સિનિયર સિટીઝન્સ ને વિવિધ માહિતી અંગે નો એક સેમિનાર દૈનિક જાગરણ મંચ દિલ્હી ની ગાંધીનગર શાખા દ્વારા એવરગ્રીન સિનિયર સિટીઝન્સ ફોરમ હિંમતનગર ના સહયોગ થી યોજાયો.જેમાં મોટી સંખ્યા માં સિનિયર સિટીઝન્સ બહેનો અને ભાઈઓ ઉપસ્થિત રહ્યા હતા.

જેમાં દૈનિક જાગરણ મંચ ના દિલ્હી થી આવેલ નિષ્ણાંત શ્રી રાજેશભાઈ ઉપાધ્યાય તથા ગાંધીનગર ના સંયોજક શ્રી રાજેન્દ્રસિંહ દ્વારા પ્રોજેક્ટર સ્ક્રીન પર પ્રેક્ટીકલ માહિતી આપવામાં આવી તથા સિનિયર સિટીઝન્સ ને મૂંઝવતા પ્રશ્નો ના સંતોષકારક જવાબ પણ આપેલ.

આ પ્રસંગે રોટરી ક્લબ ના પ્રમુખ શ્રી રાજુભાઈ અમીન અને સાબરકાંઠા અરવલ્લી સિનિયર સિટીઝન્સ ટ્રસ્ટ ના પ્રમુખ શ્રી મધુકર ખમાર ઉપસ્થિત રહ્યા હતા. એવરગ્રીન સિનિયર સિટીઝન્સ ના પ્રમુખ શ્રી દિનેશભાઈ એ પટેલ દ્વારા શાબ્દિક સ્વાગત અને ઉપપ્રમુખ શ્રી હરેશભાઈ દરજી દ્વારા આભારદર્શન કરી ભોજન ના રસાસ્વાદ સાથે સૌ છુટા પડ્યા હતા.

### ભાજપે કોંગ્રેસ પર હુમલો કરતા કહ્યું કે પાર્ટીનો ડીએનએ હવે મુસ્લિમ-માઓવાદી બની ગયો છે



નવીદિલ્હી,તા.૨૨

ભારતીય જનતા પાર્ટીએ શુક્રવારે કોંગ્રેસ પર નિશાન સાધ્યું. પાર્ટીના પ્રવક્તા ગૌરવ ભાટિયાએ જણાવ્યું હતું કે થોડા દિવસો પહેલા જ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે કોંગ્રેસ પાર્ટીનો ડીએનએ મુસ્લિમ-માઓવાદી કોંગ્રેસ જેવો થઈ ગયો છે. તેમણે કહ્યું હતું કે જ્યારે ભારતનો સૌથી મોટો રાજકીય પક્ષ માઓવાદી સંગઠનની જેમ કામ કરવાનું શરૂ કરે છે અને વિદેશમાં તેનું નેટવર્ક ફેલાવે છે, ત્યારે તે ખૂબ જ ચિંતાનો વિષય છે.

તેમણે કહ્યું કે ઈન્દિરા ગાંધી શાંતિ, નિઃશસ્ત્રીકરણ અને વિકાસ પુરસ્કાર ૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું હતું અને (કોંગ્રેસ નેતા) સોનિયા ગાંધીની હાજરીમાં, ચિલીના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ મિશેલ બેચેલેટને આ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. ભાટિયાએ કહ્યું કે જેમ કોંગ્રેસ પાર્ટીનો ડીએનએ ભારત વિરોધી છે, તેવી જ રીતે જેમને આ પુરસ્કાર આપવામાં આવ્યો છે તેઓ પણ ભારતની સાર્વભૌમત્વ પર હુમલો કરી રહ્યા છે. તેમણે આરોપ લગાવ્યો કે મિશેલ બેચેલેટે માનવ અધિકાર પરિષદના ૪૨મા સત્રમાં કહ્યું હતું કે કાશ્મીરમાં માનવ અધિકારોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે અને કલમ ૩૭૦ માં સુધારો ન કરવો જોઈએ. સોનિયા ગાંધીએ મિશેલ બેચેલેટને ઈન્દિરા ગાંધી શાંતિ, નિઃશસ્ત્રીકરણ અને વિકાસ પુરસ્કાર અર્પણ કર્યો હતો.

ગૌરવ ભાટિયાએ કહ્યું કે સોનિયા ગાંધીએ આ એવોર્ડ આપીને દરેક ભારતીયનું અપમાન કર્યું છે. તેમણે એમ પણ કહ્યું કે મિશેલ બેચેલેટ ભારતીય નાગરિક પણ નથી, છતાં તેમણે સીએએ વિરુદ્ધ અરજી દાખલ કરી હતી, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે આ કાયદો માનવ અધિકારોને નુકસાન પહોંચાડશે. તેમણે પ્રશ્ન કર્યો કે શું આ બધું સોનિયા અને રાહુલ ગાંધીના કહેવા પર કરવામાં આવ્યું હતું.

Volume : 11 Issue : 219 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, District Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002